# ડીસાના જુના બસ સ્ટેન્ડમાં યુવકની કરપીણ હત્યા : ચાર વિરૂદ્ધ હત્યાની ફરિયાદ

ડીસામા ગત મોડી રાત્રે જુના બસ સ્ટેન્ડ નજીક એક પોલીસ રેકર્ડમાં મારામારી સહીતના ગુનામાં સંડોવાયેલી ગેંગના ૪ સભ્યોએ પોતાની અંગત અદાવતની પતાવત કરવાના ઈરાદે વડલીફાર્મખાતે રહેતા એક યુવકનુંપ્રથમ અપહરણ કરી તેને તલવાર જેવા ઘાતક હથિયારોથી રહેશી નાખ્યો હતો. આ હુમલામાં ઘવાયેલા અશોક ઉર્ફે ચુલીયો તે બાદ પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મરણ ગયો હતો.

ડીસાના નહેરૂ નગર ટેકરા વિસ્તારમાં રહેતા અને 'દિલ્હી વાળી ગેંગ' તરીકે નામચીન ગેંગના ચાર સભ્યો પોતાની અંગત અદાવતની પતાવટ માટે ડીસા વડલી ફોર્મ ખાતે રહેતા અશોક ઉર્ફે ચુલીયો દેવચંદભાઈ ઠાકોરને શોધતા હતા. આ ચારેય આરોપીઓએ તે બાદ કિરણભાઈ સરદારભાઈ નામના રિક્ષાચાલકની રિક્ષા ભાડે કરી હતી અને અશોક ઠાકોરને જલારામ મંદિર સામે નર્સરી નજીકથી શોધી તેનું પ્રથમ અપહરણ કર્યુ હતુ, જે બાદ આ હુમલાખોરો તેને પ્રથમ ભોયણ લઈ જઈ માર માર્યો હતો અને તે બાદ તેને રિક્ષામાં નાખી બનાસ નદી પટમાં લઈ જઈ તિક્ષ્ણ હથીયારો વડે રહેશી નાખ્યો હતો. 'તુ ડીસાનો દાદા થઈ ગયો છે' તેમ કહી ઉશ્કેરાઈ જઈ આ ચારેય હુમલાખોરોએ અશોક ઠાકોર પર તલવારો જેવી તિક્ષ્ણ હથિયારો વડે અનેકો જીવલેણ ઘા કર્યા હતા. જેમાં તેના માથા અને શરીર પર ગંભીર પ્રકારની ઈજાઓ થઈ હતી, આ હુમલો કરી હુમલાખોરો ભાગી છુટ્યા હતા, જ્યારે ઘાયલ એવા અશોક ઠાકોરને પ્રથમ ડીસાની સરકારી હોસ્પિટલ અને તે બાદ પાલનપુર સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો, જો કે સારવાર દરમ્યાન તેનું મોત થયું હતું, જે બાદ ડીસા ઉત્તર પોલીસે આ મામલે આ હત્યા કરનાર ડીસા નહેરુનગર ટેકરા વિસ્તારના પપ્પુજી મેરૂજી ઠાકોર, બિલા કાળુ માજીરાણા, હરેશ અમરતભાઈ ઠાકોર તેમજ અન્ય એક અજાણ્યા ઈસમ સહીત ૪ હત્યારાઓ વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરેલ છે.

# ફોટા પડાવવા માટે ઝાડુ પકડતા મોડાસા નગરપાલિકાના સત્તાધીશો



મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લાના મોડાસા નગરપાલિકા જાણે દિવા સ્વપ્રમાં જ રાચતી હોય તેવો વારંવાર અહેસાસ પ્રજા અનુભવી રહી છે. સ્વચ્છ ભારત દેશ અભિયાન દિવસે ફક્ત સામાયિકોમાં ચમકવા માટે મોડાસાના નગરપાલિકા હોદ્દેદારો દ્વારા હાથમાં જાડુ પકડીને જનતાની હાંસી ઉડાવતા હોય તે રીતે ચમક્યા હતા. દરેક દૈનિક પેપરમાં સમાચાર કપાયા હતા તેના તદન વિરોધાભાસી હાલત મોડાસા શહેરની દેખાઈ રહી છે.

મોડાસા નગરપાલિકાના સત્તાધિશોનો પાપે વિદ્યાકુંજ સોસાયટીની ગટર ન્યુલક્ષ્મી નગર સોસાયટી તરફ ખુલ્લી છોડી દેવામાં આવતાં તેની આજુબાજુ વિસ્તારમાં દુર્ગંધ ફેલાઈ રહી છે. તથા રાત્રીના સમયે તો ઘરના બારી-બારણા પણ સોસાયટીના રહિશો દ્વારા ખોલી શકતા નથી. જાણે જેલમાં રહેતા હોય તેવુ અનુભવી રહેલ છે. મોડાસા નગરપાલિકાના સત્તાધિશો માત્ર કામો કાગળ ઉપર પૂર્ણ બતાવી ફક્ત રૂપિયા કમાવવામાં જ રસ હોય તેમ લાગી રહ્યું છે. વિદ્યાકુંજ સોસાયટીની વરસાદી પાણીના નિકાલની ગટર કોઈ પણ જાતના લેવલીંગ વગર ન્યુ લક્ષ્મી નગર સોસાયટીની પાછળ કામ અધુરૂ છોડી દેતાં આ ખુલ્લી રહેલી ગટરોમાંથી આવતી દુર્ગંધના કારણે સોસાયટીના લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. વરસાદી પાણી નિકાલની ગટર હોવા છતાં વિદ્યાકુંજ સોસાયટી અને માણેકબા સોસાયટીના લોકોએ પોતાના સંડાસ-બાથરૂમના જોડાણ આપી દેતા અને કામ અધુરૂ છોડી દેવાતાં સોસાયટીના લોકોના હાલ ખરાબ થઈ ગયા છે. મોડાસા નગરપાલિકાનો સેનેટરી ઈન્સ્પેક્ટર માત્ર રબર સ્ટેમ્પ જ હોય તેવો અહેસાસ જનતા અનુભવે છે. મોડાસા ન.પા. પ્રમુખ એસ.આર. પટેલ અને ચીફ ઓફીસર એલ.બી. દેસાઈ અંગત રસ લઈને ગટરનું કામ પૂર્ણ કરે તેવી મોડાસા ન્યુબત્તુ નગર સોસાયટીના રહીશોની માંગ છે.



કાંકરેજ પુરવઠા વિભાગ દ્વારા સરકાર મારફતે સસ્તા અનાજની દુકાનોમાં એ.પી.એલ. કાર્ડ ધારકો માટે ૬૦ ટકા રેશનિંગનો પુરવઠો આપવામાં આવે છે. જેને સો ટકા કરવાની માંગ સાથે આજે કાંકરેજ દુકાનદાર સંઘના પ્રમુખ ચિનુભાઈ જોષીની આગેવાનીમાં શિહોરી મામલતદાર કચેરીએ મામલતદાર ડી.એચ. પાટડીયાને આવેદનપત્ર આપ્યું હતું. (તસવીર : આશારામ રાવલ, શિહોરી)

# થરા-શિહોરી માર્ગ પરથી દારૂ ભરેલી કાર ઝડપાઈ : બે ની ધરપકડ

## પોલીસે રૂ. ૧૨ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો

શિહોરી, તા. ૩૦

થરા હાઈ-વે થઈ રાધનપુર તરફ પસાર થતી દારૂ ભરેલી કારને શિહોરી પોલીસે બાતમીના આધારે ઝડપી પાડી રૂ. ૧૨ લાખથી વધુના મુદ્દામાલ સાથે બે શખ્સોની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર શિહોરી સી.પી.આઈ. આર.ડી. પટેલને મળેલી બાતમીના આધારે શિહોરી પોલીસની ટીમે આજે શિહોરી-થરા હાઈ-વે પર વોચ ગોઠવી હતી. દરમિયાન જીજે-૩-ઈએલ-૫૪૪૭ ની કાર અને તેનું પાઈલોટીંગ કરતી નંબર વગરની સ્વીફ્ટ કાર પર શંકા જતા પોલીસે બન્ને કારને અટકાવી તેની તપાસ હાથ ધરી હતી. જેમાં કેમ્પર કારમાંથી પોલીસને ૨૬ પેટી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે તપાસમાં બે શખ્સ હિરજી રતનસિંહભાઈ પટેલ (વડગામ, થરાદ) અને કુવરસીંગ રામભાઈ દેસાઈ (થરાદ)ની ધરપકડ કરી હતી જ્યારે અન્ય એક શખ્સ રતીભાઈ ભેમાજી રબારી નાશી છૂટ્યો હતો. પોલીસે રૂ. ૧.૮ લાખના દારૂના જથ્થા સાથે કુલ ૧૨ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો અને ત્રણેય શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ સી.પી.આઈ. આર.ડી. પટેલ ચલાવી રહ્યા છે.



## શામળાજી આર્ટસ કોલેજમાં નવરાત્રી મહોત્સવ યોજાયો

ભિલોડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં સ્થિત શામળાજી આર્ટસ કોલેજ દ્વારા નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજમાં વિદ્યાર્થીઓએ પારંપરીક વસ્ત્રો પરિધાન કરી સંગીતના તાલે ઉત્સાહપૂર્વક ભાતીગળ ગરબા રમતા જોવા મળ્યા હતા. ગરબાના આયોજનમાં કોલેજના આચાર્ય ડૉ. અજયકુમાર પટેલે ખેલૈયાનો ઉત્સાહ વધાર્યો હતો. (તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

# ખેડબ્રહ્મામાંથી પઢારા જતા માર્ગ પર ગીચ ઝાડીને લીધે વાહનચાલકો પરેશાન

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્મા તાલુકાના ખેડબ્રહ્મામાંથી દિધિયા, વાલરણ, પઢારા વગેરે ગામોને જોડતા અંતરીયાળ વિસ્તારના માર્ગોની આસપાસમાં ઉગી નિકળેલ ગીચ અને ભયજનક ઝાડીના કારણે વાહનચાલકો પરેશાનીમાં મુકાઈ ગયા છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

મોટા ભાગના માર્ગો પર ચોમાસા બાદ મોટા પ્રમાણમાં ગીચ ઝાડી ઝાખળા ઉગી નીકળ્યા છે. માર્ગની બન્ને બાજુએ ઝાડની ડાળીઓ પર નમી ગઈ છે જ્યારે અનેક ઠેકાણે વળાંકમાંથી સામે આવતુ વાહન ન દેખાતા નાના-મોટા અકસ્માતો પણ સર્જાય છે. વારંવારની મુશ્કેલીથી પરેશાન રાહદારીઓ અને વાહનચાલકો તોબા પોકારી ઉઠ્યા છે. અને સત્વરે આ ઝાડી કાપી માર્ગો ચોખ્ખા કરવામાં આવે તેવી માંગણી કરી રહ્યા છે.

# ખેડબ્રહ્મા નિવૃત્ત કર્મચારી મંડળની બેઠક યોજાઈ

ખેડબ્રહ્મા, તા. ૩૦

ખેડબ્રહ્મા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની સામાન્ય બેઠક રવિવારે સંતોકબા પટેલ ધર્મશાળામાં મંડળના પ્રમુખ કિર્તીકુમાર જોષીના અધ્યક્ષ સ્થાને મળી હતી.

બેઠકના આરંભે દિવંગત સભ્યોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. બાદમાં મંડળના મંત્રી છત્રસિંહ સોલંકીએ હિસાબો તથા અહેવાલો રજૂ કર્યા હતા. આ પ્રસંગે ગુજરાત પેન્શન સમાજના સંગઠન મંત્રી દિક્ષિતભાઈ ઠાકોર, હિરાભાઈ કોઠારી, આર.એમ. ગુપ્તા, એ.કે. સિંહ સહિત મંડળના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત પેન્શન સમાજના મંત્રી તથા દેનાબેંકના બ્રાન્ચ મેનેજરનું પ્રમુખ કિર્તીકુમાર જોષીએ ફૂલહારથી બહુમાન કર્યું હતું.

# ખેડબ્રહ્મા પાલિકાની ૧૦ ટકા વેરા વળતરની યોજનાને સારો પ્રતિસાદ

ખેડબ્રહ્મા, તા. ૩૦

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા શહેરના મિલકત ધારકો માટે વેરામાં ૧૦ટકા વળતર અને ૧૮ ટકા દંડનીય વ્યાજની યોજના અમલમાં મુકી તેનો ધારકોને ચાલુ વર્ષના માંગણા બીલની શિક્ષણ ઉપકર સિવાયની રકમમાં ૧૦ ટકા વળતર મેળવવા માટે શહેરના મિલકત ધારકો દ્વારા સારો પ્રતિસાદ મળતાં નગરપાલિકામાં માંગણા બીલો ભરનાર બાકીદારો સામે આગામી સમયમાં કડક કાર્યવાહી કરવામાં આવશે જેવી કે પાણીના કનેકશન કાપવા મકાનોની જપ્તી લેવી દુકાનોને સીલ મારવા જેવી કાર્યવાહી કરવા ચીફ



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

બહોળો પ્રચાર કરવામાં આવ્યો છે અને ૨૦૧૪-૧૫ ના વર્ષના માંગણા બીલ ઓગસ્ટ માસમાં મિલકત ધારકોને પહોંચાડવામાં આવ્યો છે. તા. ૧-૯-૧૪ તા. ૩૦-૯-૧૪ સુધીમાં કુલ ટેક્ષ ભરી જનાર મિલકત ભરવા લાઈનો લાગે છે. ૧૦ સપ્ટેમ્બર સુધીમાં રૂ. વીસ લાખ જેટલી રકમ વસુલવામાં આવી છે અને ૩૦ સપ્ટે. સુધીમાં રૂ. ૬૦ લાખ જેટલી વસુલાત થવાની શક્યતા છે. તા. ૩૦ સપ્ટેમ્બર સુધીમાં માગણાબીલની રકમ ન ઓફીસર હરીશભાઈ અગ્રવાલે જણાવ્યું હતું. વસુલાતનો લક્ષ્યાંક સિદ્ધ થાય તે માટે ટેક્ષ ક્લાર્ક બાબુભાઈ મકવાણા, જુજારસિંહજી ચાવડા તથા ભરતભાઈ સુતરીયા દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## મોડાસામાં દેવરાજ સીટી ખાતે વિક્રમ ઠાકોરને જોવા માનવ મહેરામણ ઉમટ્યું

મોડાસા ખાતે આવેલ દેવરાજ સીટી ધ્વારા આ વર્ષે સુંદર નવરાત્રી નુ આયોજન કરવામાં આવ્યુ છે નવરાત્રી ના નવ દિવસ દેવરાજ સીટી માં ગુજરાતી ફીલ્મ જગતના જાણીતા કલાકારો ધુમ મચાવનાર છે. અત્યાર સુધી મમતા સોની વનીતા બારોટ જેવા કેટલાય પ્રખ્યાત કલાકારો આવીને દેવરાજ સીટી દાતે ખેલૈયાઓ ને મનમુકીને ગરબે ઘુમાડયા છે. નવરાત્રી એટલે અધકાર દુરકરી પ્રકાર ફેલાવતો તહેવાર એટલે નવરાત્રી પર્વ નવરાત્રી પર્વ નિમીતે અરવલ્લી જીલ્લા ના મોડાસા ખાતે આવેલ રામપાર્ક સોસાયટી કલ્યાણ ચોક સહકારી જીન કરછ કડવા પાટીદાર સમાજ વાડી આ દરેક ચોક માં ખેલ્યાઓ મન મુકી ને ગરબે ઝુમવા લાગ્યા છે પહેલા ત્રણ દિવસ નવરાત્રી મહોત્સવ માં ખેલ્યાઓ ની એટલી બધી ભીડ જામી નહોતી પરંતુ છેલ્લા બે દિવસ થી દરેક નવરાત્રી ચોક માં પગ પણ મુકવાની જગ્યા નથી તેટલા ખેલૈયાઓ નવરાત્રી ચોક માં ગરબે ઘુમવા લાગ્યા છે. ત્યારે ગઈકાલે મોડાસા ની સહકારી જીન માં આવેલ કરછ કડવા પાટીદાર આયોજીત નવરાત્રી મહોત્સવ માં લાયન્સ કલબ ધ્વારા શેરી ગરબા નુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે દેવરાજ ધામ નજીક આવેલ દેવરાજ સીટી ખાતે ગઈકાલે ગુજરાતી ફીલ્મ ના જાણીતા ગાયક કલાકાર અને અભિનેતા વિક્રમ ઠાકોર દેવરાજ સીટી ખાતે પોતાની ટીમ સાથે ખેલ્યાઓ ને ગરબે ઘુમાડવા હજારો ની સંખ્યા માં માનવ મહેરામણ ઉમટયો હતો

# અમદાવાદ-હિંમતનગર વચ્ચે આવેલ ફાટક નંબર ૪૭ ખુલ્લું કરવા લોક માંગણી

તાજપુરકેમ્પ, તા. ૩૦

અમદાવાદ-હિંમતનગર વચ્ચે ચાલતી રેલવે લાઈન બ્રિટીશ સરકારના સમયથી રેલવે ફાટક નંબર ૪૭ મુકવામાં આવેલ અને તે સદર ફાટકથી વક્તાપુર વિસ્તારના ખેડૂતોની સુવિધા જેવી જમીન ખેડવા માટે દળ લાકડુ કે સાધન લઈ જઈ શકતા હતા. તેમજ વલિયમપુરા, રાયણીયા, ભાટીયા, દોલતાબાદના વિસ્તારના લોકોને આરોગ્ય સુવિધા માટે આરોગ્ય કેન્દ્ર ખેરોલ દ્વારા સહાય મળતી હતી. તેમજ સદર ફાટકની બન્ને બાજુ ઉપરોક્ત ગામોની અવર-જવર માટે વક્તાપુરથી થઆય છે. પરંતુ સદર ફાટક નંબર ૪૭ છેલ્લા આઠ માસથી બંધ છે જેના કારણે વક્તાપુરના ખેડૂતો તેમજ વલીયામપુરા, રાયણીયા, ભાટીયા વગેરે ગામની જનતા મુશ્કેલીમાં મુકાય ગઈ છે. લોકોમાં જન આક્રોશ ફેલાયો છે. સંસદ સભ્યએ આ બાબતે ઘટતુ કરવું જોઈએ તેવી લોકમાંગણી છે.

# શામળાજીના ભવાનપુર ગામમાં વાઘ જેવા પ્રાણીએ દેખા દેતા હાહાકાર

શામળાજી, તા. ૩૦

અરવલ્લી જિલ્લાના શામળાજી નજીક આવેલ મેશ્વો ડેમની અડીને આવેલ ભવાનપુર ગામે વાઘ જેવા દેખાતા જંગી જાનવરે બકરીનું મરણ કરતાં ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

મેશ્વો ડેમની નજીક અને જંગલોથી ઘેરાયેલા ભવાનપુર ગામના સુરજીભાઈ સીંગાભાઈ ડામોર રહે છે. ગામમાં ખેતી તેમજ પશુપાલન કરી ઘરનું ગુજરાતન ચલાવે છે. તેમના ઘર આગળ પશુઓને રાખવા માટે બનાવેલ વરંડામાંથી આજે સવારે ૫ વાગ્યે અચાનક વાડામાંથી અવાજ આવતા સફાળી જાગી જઈને તપાસ કરતાં તેમની પાળેલી બકરીનું મરણ કરી વાઘ જેવું જંલલી પ્રાણી ઉઠાવી જતાં જોઈ જતાં બૂમાબૂમ કરતાં ગ્રામજનો પણ જાગી જઈને લાકડીઓ લઈને પાછળ દોડ્યા હતા. જેથી વાઘ જેવા જંગલી પ્રાણીએ ગભરાઈ જઈને પાછળ આવેલા મકાઈના ખેતરમાં થઈને ડુંગર પર ચડી જઈ અદૃશ્ય થઈ ગયો હતો. જેથી ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. આ ઘટનાથી ગ્રામજનો ગભરાઈ ગયા હોવાથી જંગલ વિભાગે સત્વરે જંગલી પ્રાણીને મરણ મુકીને પાંજરા દ્વારા જંગલી પ્રાણીને પકડી લેવા માટે ગ્રામજનોએ માંગ કરી છે. જેથી ગામના લોકો નિરાંતે પોતાના ધંધા-રોજગાર અને ખેતરમાં મન લગાવીને કામ કરી શકે. (તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦